# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ


બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫

E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org


**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**

(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે


**માર્ચ - એપ્રિલ - ૨૦૨૨**


Go....Make Disciples

## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

જીવન સંદેશ તરફથી આપ સર્વને પ્રભુ ઈસુનાં નામમાં પ્રેમી સલામ ! પ્રભુના નામને ધન્યવાદ આપીએ છીએ. કેમકે આપણે પ્રભુ ઈસુને નામે તથા ઈશ્વરના આત્માથી શુદ્ધ થયા, અને પવિત્રીકરણ તથા ન્યાયીકરણ પામ્યા. સાંપ્રત સમયની અનિશ્ચિતતા અને મુશ્કેલ પરિસ્થિતિ આપણને સતત ભય અને ચિંતાના વાદળોમાં ઘેરી રાખે છે. ચારેબાજુ વધતી જતી મોંઘવારી, ગેસના ભાવો, પેટ્રોલના ભાવો, અને ભવિષ્યની ચિંતા આપણને કોરી ખાય છે. ત્રીજું વિશ્વ યુદ્ધ અને વાયરસ વિશે વિચારીએ તો આપણને પ્રશ્ન થાય કે આપણે અનિશ્ચિતતાનાં સમયમાં કેવી રીતે જીવીશું ? આપણે એવાં સમયમાં જીવી રહ્યા છીએ કે જ્યાં હવાઈ અકસ્માતો, રેલ્વે અકસ્માતો, મોટર અકસ્માતો, લૂંટફાટ થયાં કરે છે ત્યારે એવી પરિસ્થિતિમાં આપણે કેવી રીતે સુરક્ષિત રહી શકીએ ? આપણે જાણે કે મૃત્યુ ઊંચકીને ફરતાં હોય એવું લાગે છે.

દર વર્ષે નવી મહામારી માનવ જીવનને માટે ત્રાસરૂપ બની ગઈ છે. તેથી આપણે સમજદારીપૂર્વક જીવન જીવતાં શીખી લેવું જોઈએ. બાઈબલ વાંચન અને પ્રાર્થના, કામમાં મચ્યા રહેવું, શીખવું અને શીખવવું, સંગીત સાંભળવું, કુટુંબ સાથે સમય, મિત્રો સાથે વાતચીત એ જીવનક્રમ બની જવો જોઈએ. ડરી ગયેલા ઘેટાંની જેમ આપણે મહામારી વિશે કે અનિશ્ચિતતા વિષે વિચારતા રહીએ તો તે આપણાને કાયર બનાવશે અને માનસિક રીતે તોડી શકે છે. આપણે ચોકસાઈ રાખવાની કે તે આપણા મન પર પ્રભાવિત ન થાય.

આપણે અનિશ્ચિતતાનાં સમયને નિયંત્રણ કરી શકતા નથી, પણ તે અચૂક મૂંઝવણમાં મૂકી દે છે. બચાવના માર્ગો શોધીએ છીએ પણ તે જડતા નથી અને ટકી રહેવું મુશ્કેલ બની જાય છે. જો આપણે ભય અને ચિંતા મુક્ત થવું છે તો આપણે પોતે મજબૂત બનવું પડશે. પ્રભુ પરનો વિશ્વાસ જ આપણને મદદ કરી શકે તેમ છે. બાઈબલમાં ઈશ્વરનાં વચનો ઉત્તેજન આપે છે. મૂસાના મૃત્યુ પછી યહોવા દેવે યહોશુઆને ઈઝરાયેલને દોરવણી આપવા આગેવાન બનાવ્યો. યહોશુઆને ઘણી અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડ્યો. યહોવા દેવે તેને આજ્ઞા આપી. "શું મેં તને આજ્ઞા આપી નથી ? બળવાન તથા હિમ્મતવાન થા. ભયભીત ન થા, ને ગભરાતો નહિ, કારણ કે જ્યાં કંઈ તું જાય છે, ત્યાં તારા ઈશ્વર યહોવા તારી સાથે છે." યહોશુઆએ અનિશ્ચિતતાઓનો સામનો કર્યો. જેમ કે કાપણીની ઋતુમાં કાંઠાઓ ઉપર છલકાઈ જતી યર્દન નદીના પાણીને ઈશ્વરે અટકાવ્યા. જેથી ઈસ્રાએલીઓ યર્દન નદી પાર કરી શક્યાં. બીજું ઈઝરાયલીઓએ યુદ્ધમાં જવાને બદલે એક અઠવાડિયા સુધી યરીખો શહેરની આસપાસ કૂચ કરવાનું મૂર્ખ લાગ્યું હશે, પરંતુ યહોવાની આજ્ઞાનું ઈઝરાયેલીઓએ પાલન કર્યું, અને કોટ એમને એમ તૂટી ગયો.

પ્રેરિત પાઉલ એ બીજી વ્યક્તિ છે કે જે સતત અનિશ્ચિતતા અને ડર સાથે જીવી. તે જેલમાં હતો અને તે જાણતો હતો કે એક દિવસ તેને ઈસુ માટે મૃત્યુ પામવું પડશે. તે આપણને તેનાં પત્રમાં જણાવે છે. "ચોતરફથી (અમારા પર) દબાણ છતાં અમે દબાઈ ગયેલા નથી. ગૂંચવાયા છતાં નિરાશ થયેલા નથી. સતાવણી પામ્યા છતાં તજાયેલાં નથી. નીચે પટકાયેલા છતાં નાશ પામેલાં નથી. એ કારણથી અમે નાહિંમત થતા નથી, પણ જો કે અમારું બાહ્ય મનુષ્યત્વ ક્ષય પામે છે, તો પણ અમારું આંતરિક મનુષ્યત્વ રોજ રોજ નવું થતું જાય છે. કેમ કે અમારી થોડીક તથા ક્ષણિક વિપત્તિ અમારે માટે અત્યંત વધારે સદાકાલિક તથા ભારે મહિમા ઉત્પન્ન કરે છે. કેમ કે જે વસ્તુઓ દશ્ય છે તેમના પર નજર ન રાખતાં જે અદશ્ય છે તેમના પર અમે લક્ષ રાખીએ છીએ, કેમ કે જે દશ્ય છે તે ક્ષણિક છે, પણ જે અદશ્ય છે તે સદાકાલિક છે." (૨ કોરિંથી ૪:૮, ૧૬-૧૮).

પાઉલે અનિશ્ચિતતાનાં સમયમાં વિદેશીઓને સુવાર્તા મળે અને દેવનો પૂરો મનોરથ જણાવવાને આંચકો ખાધો નહીં. જેમ કે વધારે વખત કેદખાનામાં, વધારે વખત હદબહાર ફટકા ખાધા. પાંચવાર યહૂદીઓ તરફથી ઓગણ ઓગણ ચાળીશ ફટકા ખાધા. ત્રણ વાર સોટીઓનો માર, એક વાર પથ્થરનો માર, ત્રણ વાર વહાણ ભાંગી ગયું, એક રાતદિવસ સમુદ્રમાં પડી રહ્યો. ઘણી મુસાફરીઓ કરી, નદીઓનાં વિઘ્નોમાં, લૂંટારાઓ તરફના સ્વદેશીઓ તરફનાં, પરદેશીઓ તરફનાં, શહેરમાંનાં, જંગલમાંના, સમુદ્રનાં તથા ડોળઘાલુ ભાઈઓ તરફનાં જોખમો વેઠ્યાં, શ્રમ તથા કષ્ટ, વારંવારના ઉજાગરા, ભૂખ તથા તરસ,

વારંવારની લાંઘણો, ટાઢ તથા વસ્ત્રની તંગાશ એ સર્વ સહન કર્યું.

જૂના કરારમાં યહોશુઆ અને નવાકરારમાં પ્રેરિત પાઉલ અનિશ્ચિતતા અને મુશ્કેલ પરિસ્થિતિમાં આગળ વધતાં રહ્યાં. આપણે પણ ઈસુ ખ્રિસ્તનાં અનુયાયી હોઈને આ જીવનમાં સારી લડાઈ લડીએ, દોડ પૂરી કરીએ, વિશ્વાસ રાખીએ, સ્થિર તથા દઢ થઈએ, અને પ્રભુના કામમાં સદા મચ્યાં રહીએ, કેમ કે પ્રભુમાં કરેલું કામ નિરર્થક નથી.

મિત્રો, આપ સર્વનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ કેમ કે આવી મુશ્કેલ પરિસ્થિતિમાં તમે નિયમિત પ્રાર્થના દ્વારા, ઉદાર હાથો લંબાવીને અને ઉત્તેજનના શબ્દો દ્વારા તમે અમારી સાથે ઊભા રહ્યાં છો તેથી પ્રભુની સ્તુતિ થાઓ.

ખ્રિસ્તમાં સાથી સેવક,
**શ્રી ડેવિડ ક્રિશ્ચિયન**
ડાયરેક્ટર-જીવન સંદેશ મિનીસ્ટ્રી

## જીવન સંદેશ એપ્લીકેશન

જીવન સંદેશ એપ શ્રોતા મિત્રોને પ્રભુનાં વચન સાથે જોડી રાખે છે. ફેબ્રુઆરી-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૨ સુધી ૨૮ દેશોમાંથી ૩૭૮૯ લોકો પ્રભુનાં વચન સાંભળ્યા તે માટે પ્રભુનો પુષ્કળ આભાર. પ્રભુની સ્તુતિ થાઓ કે ૧લી મેથી જીવન સંદેશ એપ ઉપર devotional Massage સાંભળવા મળશે.

## જીવન સંદેશ યુ-ટ્યુબ ચેનલ

જીવન સંદેશનો ધ્યેય ગુજરાતનાં લોકોની બાઈબલ સાક્ષરતા વધારવા, લોકોને બાઈબલનું શોધન કરતાં, તેનાં લેખક સાથે જોડાયેલા રાખવા કે જેથી આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્તની કૃપા અને જ્ઞાનમાં વૃદ્ધિ પામતાં રહે. તેથી યુટ્યુબ ચેનલ પર પ્રભુના વચન સ્પષ્ટતાથી શીખવનાર ઉપદેશકો અને શિક્ષકોનો ઉપયોગ કરવો. નીચે આપેલી માહિતી પ્રભુનો આભાર માનવા ઉત્તેજન પૂરું પાડે છે.

| Month | વિડીયો સીરીઝ/વિષય | ભાગ/એપિસોડ | દર્શકો (Views) |
|---|---|---|---|
| Feb | Misunderstood Verses | 4 | 1324 |
| March | Misunderstood Verses | 2 | 543 |
| | પુનરુત્થાનના પુરાવા | 4 | 1162 |
| | ગીતગુંજન - દુઃખસહન સપ્તાહના ગીતો (ઓડિયો) | 1 | 3800 |
| April | New Video Songs | 7 | 13191 |
| | Characters Around the Cross | 8 | 3060 |
| | વિશ્વાસનું મહત્ત્વ | 2 | Pending |
| | Total | 28 | 23080 |



## જીવનસંદેશ પરિવાર સંગત

જીવનસંદેશ પરિવાર સંગતનું આયોજન જાન્યુઆરી ૯, ૨૦૨૨ ના રોજ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. જેમાં જીવનસંદેશ બોર્ડ અને સોસાયટી સભ્યો, સ્વૈચ્છિક સેવા આપતાં મિત્રો ને સ્ટાફ તેમના કુટુંબ સાથ ભાગીદાર બન્યાં. કોરોનાગ્રસ્ત સમયમાં પણ ૮૦ વ્યક્તિઓએ ભાગ લીધો એનાથી અમોને ઉત્તેજન મળ્યું છે. આપ સર્વએ જીવનસંદેશને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે. અમો તમારો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. આ સંગતમાં ૨૦૨૧ ના વર્ષમાં પ્રભુના વિશ્વાસુપણાને તથા ભલાઈને યાદ કરતા ઈશ્વરની સ્તુતિ કરી.

આ સંગતમાં ૨૦૨૧ ના વર્ષમાં જીવનસંદેશ દ્વારા થયેલી સેવાઓની વિગતવાર માહિતી શ્રી ઈનોક ક્રિશ્ચિયન દ્વારા આપવામાં આવી તથા ૨૦૨૨ ના ઓયોજનોને દર્શાવવામાં આવ્યું. રેવ. ફિલીપ એચ. ક્રિશ્ચિયને જીવનસંદેશ પરિવાર સંગતની શરૂઆતમાં પ્રાર્થના કરાવી, જીવનસંદેશનાં ચેરમેનશ્રી સુમન એલ. ક્રિશ્ચિયને યોહાન ૧૫:૧૬માંથી પડકારયુક્ત સંદેશો આપવામાં આવ્યો. ૨૦૨૨ ના વર્ષમાં પણ આ સત્ય ઉત્તેજન આપનાર થશે

૨૦૨૨ ના આયોજન માટે પ્રાર્થના કરવામાં આવી. અંતે બધા મળીને ભોજન કર્યું. આવેલા તમામ મિત્રો જીવનસંદેશ માટે bunch of blessing છે. આ સર્વ ભાઈ બહેનો માટે જીવનસંદેશ ખરાં અંતઃકરણથી ખૂબ જ આભાર માને છે. To God be the Glory !

“કેમ કે લડાઈમાં જનારને જેવો ભાગ મળે તેવો જ ઉચાળા પાસે રહેનારને પણ મળવો જોઈએ. તેઓને સરખો ભાગ મળશે.” ૧ શમુએલ ૩૦








## જીવનસંદેશ ફોલોઅપની સેવા

પ્રભુનો આભાર માનીએ છીએ કે, પત્રવ્યવહાર દ્વારા પત્રમિત્રો સાથે સંપર્ક ચાલું રહ્યો છે. માર્ચ થી એપ્રિલ સુધીમાં કુલ ૧૦ પત્રો મળ્યાં. ૫૧ પત્રમિત્રોને પત્રો લખ્યાં માટે પ્રભુનો આભાર માનીએ છીએ. ૧૨ વ્યક્તિઓને ફોન કરીને ઈશ્વરનાં વચન મારફતે ઉત્તેજન આપ્યું. સંપર્ક મિત્રોને બોધ આપ્યો કે ઈશ્વરે જે તેમને પોતાના રાજ્ય તથા મહિમામાં તેડ્યા છે, તેમને યોગ્ય થઈને ચાલે. તેઓએ ખરેખર ઈશ્વરનું વચન છે તેમ તેઓએ તેને સ્વીકાર્યું. એ કારણ માટે અમે ઈશ્વરની આભારસ્તુતિ નિરંતર કરીએ છીએ. ફોલોઅપનાં કાર્યમાં પ્રભુ રેનીસનભાઈની માર્ગદર્શન અને દોરવણી આપી રહ્યાં છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

## શિષ્યપણાની સેવા

પ્રભુની કૃપાથી સેંકડો વ્યક્તિઓને પદ્ધતિસરનું શિક્ષણ પ્રભુ ઈસુનાં શિષ્ય બનવા તથા બીજાઓને શિષ્ય બનાવવા સંબંધી તાલીમ અને શિક્ષણ આપી શક્યા. તેથી પ્રભુની સ્તુતિ કરીએ છીએ.

જીવન સંદેશનાં ભૂતપૂર્વ ડાયરેક્ટરશ્રી મધુભાઈ ક્રિશ્ચિયનનો લાંબા વર્ષોનો અનુભવ કહે છે :

“શિષ્યપણાની રચના” - બાઈબલ અભ્યાસ પ્રભુ ઈસુના પરીપકવ શિષ્ય બનવા તરફ દોરી જાય છે. દિશા અને દોરવણી પૂરી પાડે છે. બાળકના જન્મ પછી પોષણયુક્ત આહાર તેના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે જ રીતે પ્રભુ ઈસુ સાથેના અંગત સંબંધમાં આવેલ વ્યક્તિના જીવનનો વિકાસ કરવા માટે “શિષ્યપણાની રચના” બાઈબલ અભ્યાસ પોષણયુક્ત આત્મિક આહાર પૂરો પાડે છે. આ આખો અભ્યાસ મેં અંગત રીતે એક કરતાં વધારે વાર પૂરો કર્યો છે અને અનેક વ્યક્તિઓને શિખવ્યું છે. તેથી હું ખાતરીપૂર્વક કહી શકું છું કે આ બાઈબલ અભ્યાસ પરીણામલક્ષી અને પરીપકવતા દરેક વૃદ્ધિ પમાડનાર અભ્યાસ છે.”

દર બુધવારે રાત્રે ૯:૦૦ કલાકે ઝૂમ એપ્લીકેશન પરથી શિષ્યપણાની રચનાનો અભ્યાસ કરાવવામાં આવે છે. રેનીસનભાઈ અને આર્નોનભાઈ આ બાઈબલમાં દોરવણી આપે છે. ૧૦ થી ૧૫ વ્યક્તિઓ ભાગ લઈ રહી છે. આ સર્વ માટે પ્રભુનો આભાર માનીએ છીએ. આપ આ મિત્રોને પ્રાર્થનામાં ધરી રાખશો કે જેમ તેઓએ ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યા છે તેમ તેઓ તેમનામાં ચાલે, અને તેમનામાં જડ નાખેલા તથા સ્થપાયેલા થઈને તથા મળેલી શિખામણ પ્રમાણે વિશ્વાસમાં દૃઢ રહીને તેમની વધારે ને વધારે આભારસ્તુતિ કરે.

## યુગલ સમૃદ્ધિ સેવા

જીવનસંદેશ દ્વારા યુગલ સમૃદ્ધિ શાળા ૭ માર્ચ ૨૦૨૨ થી બેઉલાહ અલાયન્સ ચર્ચમાં શરૂ કરવામાં આવી. ૬ યુગલો ભાગ લઈ રહ્યાં છે. આ શાળામાં લગ્નનો હેતુ, સફળતા, સંબંધ-વિકાસ, આત્મીયતા અને મિત્રતા, પતિ-પત્નીની જવાબદારી, માતા-પિતા અને બાળકોની જવાબદારી, આકુલા-પ્રિસ્કીલા, સમય અને નાણાંનો વહીવટ, પ્રેમ-માફી પર શિક્ષણ આપવામાં આવી રહ્યું છે અને Fire Proof Movie સંઘર્ષ અને તેનું નિવારણ દર્શાવતી અજોડ ફિલ્મ બતાવવામાં આવશે.

ભાગ લઈ રહેલા યુગલોને પ્રભુ સંભાળી રાખે.

પ્રભુની અને એકબીજાની નિકટ લાવે જેથી તેમનો હેતુ પરિપૂર્ણ થાય.



## જીવન સંદેશ પ્રેયર ડે

જીવનસંદેશ દ્વારા અડધા દિવસની પ્રાર્થનાનું આયોજન ૧લી માર્ચ ૨૦૨૨ બેઉલાહ અલાયન્સ ચર્ચમાં કરવામાં આવ્યું. ૨૦ વ્યક્તિઓએ ભાગ લીધો. શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયને “મારું ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે” (માથ્થી ૨૧:૧૩) એ વિષય પર પડકારયુક્ત સંદેશો આપ્યો. ગજરાત રાજ્ય, ભારત દેશ અને જીવન સંદેશ માટે સાથે મળીને પ્રાર્થના કરી. આ સર્વ માટે પ્રભુનો આભાર માનીએ છીએ.





**સ્વ.શ્રી શાંતિલાલ એલ. ક્રિશ્ચિયન**, તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૨ રોજ પ્રભુના સદાના વિસામામાં ઊંઘી ગયા. એમના જીવન માટે પ્રભુનો આભાર માનીએ છીએ. ખુબજ ઉમદા વ્યક્તિત્વ અને પ્રભુના કામમાં સદા મચ્યા રહેનાર. સુવાર્તા, બાઈબલ અભ્યાસ, પ્રભુનું વચન આપવું, ઉત્તેજન આપવું જે એમના જીવનની અગ્રતા હતી. જીવન સંદેશ સ્વાયત સંસ્થા તરીકે અસ્તિત્વમાં આવી ત્યારે પ્રથમ સોસાયટી સભ્યોની નિમણુંક કરવામાં આવી જેમાં શાંતિલાલાભાઈને પણ સામેલ કરવામાં આવ્યા. આંઠ વર્ષ સતત જીવન સંદેશની સેવામાં તેઓ જોડાએલા રહી જીવન સંદેશની સેવાને તેમના તાલંતો અને પ્રભુએ આપેલા કૃપાદાનોનો લાભ પ્રાપ્ત થયો આ સર્વને માટે પ્રભુનો આભાર માનીએ છીએ. સમગ્ર જીવન સંદેશ પરિવાર વતી શ્રીમતી સુમતીબેન અને સમગ્ર પરિવારને પ્રભુ આત્મિક દિલાસો આપે એજ હૃદયની પ્રાર્થના.

# નારી જીવન સંચાર સેવા

## -: મહિલા રીટ્રીટનો રિપોર્ટ :-

નારી જીવન સંચાર સેવા દ્વારા તા.૦૬-૦૩-૨૦૨૨ ના રોજ અલિન્દ્રા મેથોડિસ્ટ ચર્ચ મુકામે મહિલા રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રીટ્રીટનું આધારવચન "તારા દેવને મળવાને તૈયાર થા" આમોસ ૪:૧૨બ હતું. આ દિવસે રવિવાર હોવાથી ભક્તિસભાથી બપોરે ૩:૩૦ સુધી કુલ ચાર સેશન લેવામાં આવ્યા હતાં. ભક્તિસભામાં આધારવચન આધારિત સંદેશો શ્રીમતી રીટા એમ. ક્રિશ્ચિયને આપ્યો હતો. ભક્તિસભા બાદ માત્થી ૨૫:૧-૧૩ માં દર્શાવેલ દશકુમારિકાના દૃષ્ટાંત પર સંદેશો શ્રીમતિ રીટાબેન એમ. ક્રિશ્ચિયને સંદેશો આપ્યો. ભોજનબાદ ક્રિએટીવ ટાઈમનો સમય હતો. જેમાં મોનિકાબેન અને પીંકીબેને બાઈબલ આધારિત રમત રમાડી અને નારી જીવન સંચારની બહેનોએ આધારવચન આધારિત એક સ્કીટ રજૂ કરી. છેલ્લો સંદેશો માત્થી ૭:૨૪-૨૭ વચન પર શ્રીમતી ઈવાબેન કે. ક્રિશ્ચિયને આપ્યો હતો.

આમ ત્રણેય સંદેશા અને સ્કીટ દ્વારા પ્રભુને મળવા તૈયાર થવા સંબંધી શિક્ષણ આપવામાં આવ્યું. આ રીટ્રીટમાં લગભગ ૩૫ બહેનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. ભાગલેનાર બહેનોએ ઘણો સારો પ્રતિભાવ આપ્યો હતો. આ બહેનોને નાની ભેટ પણ આપવામાં આવી.

શ્રી રોબિન મિત્રા દ્વારા આ રીટ્રીટની સઘળી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેઓ અમારી સાથે પણ આવ્યા હતા.

કોવિડ-૧૯ ના સમય બાદ આ પ્રથમ રીટ્રીટ કરી શક્યા માટે પ્રભુનો ખૂબ આભાર માનીએ છીએ.










# આભાર માનીએ...

૧. પ્રભુએ સ્ટાફ, બોર્ડ, અને સોસાયટીના સભ્યો અને સ્વૈચ્છિક મિત્રોને જ્ઞાન, ડહાપણ અને રક્ષણ કર્યું.
૨. વિવિધ સેમિનાર તેમજ મંડળી મધ્યે શીખવવાની તક મળી.
૩. ફોલોઅપી સેવા દ્વારા સંપર્કમિત્રોને પ્રભુમાં પ્રોત્સાહિત કરી શક્યા.
૪. સ્ટુડિયો અને નાણાકીય જરૂરિયાત માટે સાધનો પૂરા પાડ્યાં.
૫. પુનરુત્થાનના પુરાવા, વધસ્તંભની આસપાસના પાત્રો, ગેરસમજ થયેલી કલમો અને ગુજરાતી ઓડિયો અને વિડિયો ગીતો યુટ્યુબ ઉપર મૂકી શક્યા.
૬. ૧લી માર્ચ-૨૦૨૨ ના રોજ અડધા દિવસની પ્રાર્થના સભાનું આયોજન કરી

# પ્રાર્થના કરીએ...

૧. ગુજરાતી અને હિન્દી ગીતોનાં રેકોર્ડીંગ માટે.
૨. સૈદ્ધાંતિક શિક્ષણ સંવાદનો વિડીયો તૈયાર કરી શકીએ.
૩. વિશ્વાસનું મહત્ત્વ વિડીયો રેવ. એનાન રોઝિયા, નવાકરારના પ્રશ્નો-રેવ.ડૉ. નેરીઅસ ધોળકિયા
૪. સંપર્ક મિત્રોની મુલાકાત : ડાંગ, રાજકોટ, અમરેલી, મહેસાણા, ડુંગરપુર-રાજસ્થાન.
૫. દર બુધવારે ૯:૦૦ કલાકે રાત્રે શિષ્યપણાંની રચના સંપર્ક મિત્રો માટે બાઈબલ અભ્યાસ.
૬. દર સોમવારે ૮:૩૦ કલાકે યુગલ સમૃદ્ધિ શાળા માર્ચ-૨૦૨૨ થી મે-૨૦૨૨ બેઉલાહ અલાયન્સ ચર્ચ.
૭. આવતા દિવસોમાં જીવનસંદેશ એપ્લીકેશનનું નવીનીકરણ કરવામાં આવશે તે અંગેના કાર્ય માટે.

**ગુજરાત અને ભારતમાંથી ઓનલાઈન દાન આપવા અંગેની માહિતી**

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.
★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ
★ A/c No. : 10246210913 • Bank IFS Code : SBIN0001038

## -: ખાસ નોંધ :-

**પ્રભુમાં વહાલા પ્રાર્થના મિત્રો, આપની પ્રાર્થના માટે અમે આપના આભારી છીએ. ખાસ જણાવવાનું કે આપની ઉપર આવતા જીવન સંદેશનો પ્રાર્થના પત્રમાં આપના નામ એડ્રેસમાં કોઈ પણ સુધારો અથવા એડ્રેસ બદલાયેલ હોય તો ઈમેલ અથવા ફોન દ્વારા અમને જાણ કરશો. જો કોઈ વ્યક્તિ મરણ પામેલ છે એ પણ જાણ કરવા વિનંતી.. મેસેજ અથવા ઈમેલ કરનારે પુરી માહિતી આપવા વિનંતી.**

Email : jsm2277@gmail.com, M.: 09327035067 (whatsapp)